**<u>રે.દિ.મુ. નં. ૪૧/૨૦૨૬</u>**

:::::::::::::::::::::::::::::::::::::::

**આંક–૧ નીચે હુકમ**

:::::::::::::::::::::::::::::::::::::::

આ કામના વાદીએ હાલના દાવાના કામે આંક–૨૪ થી સમાધાન રજુ રાખી રજુઆત કરેલ છે કે, કામના પ્રતિવાદીએ સહીયારી દિવાલમાં બાંધકામ કરતા વાદીને નુકશાન ન થાય તે માટે વાંધો લઈ વાદીઓ દાવો કરેલ છે. પરંતુ તકરારી દિવાલ સહીયારી હોય બન્ને પક્ષકારોએ અડધી અડધી દિવાલમાં બાંધકામ કરવાનું રહેશે. સદર દાવાના કામે પ્રતિવાદીએ સહીયારી દિવાલમાં તેમની તરફે પાંચ ઈંચમાં પીલ્લર બાંધકામ કરેલ છ તે જ રીતે વાદીએ ભવિષ્યમાં બાંધકામ કરવાનું થાય ત્યારે સહીયારી દિવાલમાં તેમની તરફે પાંચ ઈંચનો પીલ્લર બાંધકામ કરવાનું રહેશે અને બન્ને પક્ષકારોએ બાંધકામ કરતી વખતે સહિયારી દિવાલને કોઈ નુકશાન થાય નહીં તે રીતે બાંધકામ કરવાનું રહેશે અને પક્ષકારોએ બાંધકામ કરે ત્યારે નવું બાંધકામ થતાં બાંધકામ પુરૂ થયેથી એકબીજાને નુકશાન ન થાય તે રીતે સહીયારી દિવાલને વાટા મારી આપવાના રહેશે. તેમજ વાદી ભવિષ્યમાં સહીયારી બાંધકામ કરવાનું રહેશે ધાબુ દિવાલ ઉપર ૭ ઈંચનું ભરવાનું રહેશે અને પાંચ ઈંચથી વધારે બાંધકામ કરશે તો તેવા સંજોગોમાં પ્રતિવાદી વાધો લઈ કાયદેસરની કાર્યવાહી કરી શકશે. આ મુજબનું સમાધાન થયેલ હોય હાલમાં પ્રતિવાદીને વાદીએ બાંધકામ કરતા રોકવાના નથી. તેવી જ રીતે ભવિષ્યમાં કરારદાદ મુજબ પ્રતિવાદીએ વાદીને બાંધકામ કરતા રોકવાના રહેશે નહીં.

ઉપરોકત હકીકત ધ્યાને લેતાં, સદરહું કેસ આજરોજ વિડ્રોથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

નિયમનુસાર રીફંડ ચુકવી આપવુ.

સદર દાવા અરજીના ખર્ચ સબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ તા.૦૨'જી માહે મે સનેઃ ૨૦૨૬ ના રોજ કાયમી લોકઅદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**સ્થળ : મહેમદાવાદ**
**તારીખ : ૦૨/૦૫/૨૦૨૬**

**દેવદત્ત વી.વ્યાસ**
પ્રિન્સીપાલ સિવિલ જજ,
મહેમદાવાદ.(જીજે૦૧૬૫૯)